અપીલ અરજી નં.૨૧૭ તા.૧૧ –૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પંકજભાઈ પાટીલ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પંકજભાઈ પાટીલની તા.૧–૭–૧૧ની અરજીથી શુકલા ડેરી પ્રાઈવેટ લીમીટેડ પ્લોટ નં. બી–૧૬/૨, હોજીવાલા એસ્ટેટ, સચીન ઉદ્યોગનગર, પલસાણા હાઈવે રોડ, સુરત બાબતે મુદ્દા નં. (૧) આ ડેરીને આરોગ્ય વિભાગ તરફથી મળેલ પરવાનગીની પ્રમાણિત નકલ આપવી (૨) ગુણવત્તા માટે સર્ટિફિકેટ,લાયસન્સની પ્રમાણિત નકલ વિ.મુદ્દા નં. (૧) થી (૮) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૧–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૧૭/૨૦૧૧–૧૨

શ્રી પંકજભાઈ પાટીલની તા.૧–૭–૧૧ની અરજીથી શુકલા ડેરી પ્રાઈવેટ લીમીટેડ પ્લોટ નં. બી–૧૬/૨, હોજીવાલા એસ્ટેટ, સચીન ઉદ્યોગનગર, પલસાણા હાઈવે રોડ, સુરત બાબતે મુદ્દા નં. (૧) આ ડેરીને આરોગ્ય વિભાગ તરફથી મળેલ પરવાનગીની પ્રમાણિત નકલ આપવી (૨) ગુણવત્તા માટે સર્ટિફિકેટ,લાયસન્સની પ્રમાણિત નકલ વિ.મુદ્દા નં. (૧) થી (૮) ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા **સાથે રસીદની તારીખ અંગે ચોકકસ વિગત રજુ કરવા પણ** પત્ર નં. આરટીઆઈ સેલ/૬૫૮ તા.૧૭–૮–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઈ.ઝોન મહેકમ/આ નં./૧૮૪ તા. ૨૦–૯–૧૧ થી પુરક વિગતોમાં નોંધ વિભાગ , અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત , લીંબાયતઝોન તરફથી સુરત જીલ્લા આરોગ્ય અધિકારી,જીલ્લા પંચાયત કચેરી સુરતને તબદીલ થયા અંગેના પત્રેની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પણ અપીલ સાથે અરજી અપીલ તબકકે તબદીલી અંગેની કોઈ વિગતો પૂરી પડાયેલ નથી.

અરજદારની તા.૧–૬–૧૧ ની અરજીથી શુકલા ડેરી પ્રાઈવેટ લીમીટેડ પ્લોટ નં. બી/૧૬/૨ હોજીવાલા એસ્ટેટ સચીન ઉદ્યોગનગર પલસાણા હાઈવે રોડ ડેરીની કાયદેસરતા બાબતે માહિતી માંગતી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને કરવામાં આવેલ. જે અંગે અરજદારે તેમની તા. ૧–૬–૧૧ની અરજીની અરજી ફી તા. ૧–૭–૧૧ના રોજ લીંબાયતઝોન ખાતે રસીદ નં. ૪૦૯૬થી ભરપાઈ કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૬(૧) મુજબ જયાં સુધી અરજદાર અરજી ફી ભરપાઈ કરે નહીં ત્યાં સુધી તેની આરટીઆઈ હેઠળની અરજી ગણી શકાય નહીં આમ અરજદારની અરજી તા. ૧–૭–૧૧ ના રોજ અરજી ફી ભરપાઈ કરેલ હોવાથી તેમની તા. ૧–૭–૧૧ની આરટીઆઈ હેઠળની અરજી ગણાય. અરજદારના અરજીના મુદ્દા નં. (૧) આ ડેરીને આરોગ્ય વિભાગ તરફથી મળેલ પરવાનગીની પ્રમાણિત નકલ આપવી (૨) ગુણવત્તા માટે સર્ટિફિકેટ,લાયસન્સની પ્રમાણિત નકલ. મુદ્દા નં.(૩) રોજના દુધની આવક જાવક દર્શાવતા પ્રમાણિત પુરાવા. મુદ્દા નં.(૪) દુધની આવક માટે કઈ કઈ ડેરીઓ સાથે સંલગ્ન છે તેની માહિતી. મુદ્દા નં.(૫) દુધને પાસ્યુરાઈઝ કરવા કયા પ્રકારની મશીનરીઓ અહીં ઉપલબ્ધ છે તેની વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.(૬) દુધ પેક કરીને વેચનાર કંપનીએ કયા કયા વિભાગની પરવાનગી મેળવવી ફરજીયાત છે. તેની માહિતી આપશો. મુદ્દા નં.(૭) શુકલા ડેરી ધ્વારા કયા કયા વિભાગની પરવાનગી મેળવેલ છે તેની સંપૂર્ણ માહિતી તથા વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.(૮) ખાદ્ય પદાર્થમાં ભેળસેળ બદલ કાયદામાં શું દંડની જોગવાઈ છે અને તેમના વિભાગ તરફે શું કાર્યવાહી થઈ શકે તેની માહિતી જે અંગે અરજદારને નિયત સમય અવધિમાં કોઈ પ્રતિભાવ ન મળતાં અરજદારે માહિતી કે પ્રતિઉત્તર મળેલ નથી તેવું જણાવી તા.૧૧–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. પરંતુ અરજદારે અપીલ અરજી સાથે ફી ભર્યાની વિગત કે અરજી તબદીલી અંગેની કોઈ વિગતો રજુ કરેલ નહીં તેમજ અપીલ તબકકે પણ પત્ર પાઠવી તક આપવા છતાં પણ કોઈ વિગતો રજુ કરેલ નથી. જાહેર માહિતી અધિકારીએ અપીલ તબકકે પુરી પાડેલ વિગતોમાં અરજદારની અરજીની અત્રેના સુરત મહાનગરપાલિકાની કાર્યક્ષેત્ર બહાર શુકલા ડેરી લીમીટેડ પ્લોટ નં. બી–૧૬/૨ હોજીવાલા, એસ્ટેટ સચીન ,ઉદ્યોગ નગર ,પલસાણા, હાઈવે સુરતની માહિતી માંગેલ છે. સદરહું સંસ્થા સરનામા મુજબ સુરત મહાનગરપાલિકાની હદ બહાર આવેલ છે જે સંભવત સુરત જીલ્લામાં આવે છે. તેથી સદર અરજી સુરત જીલ્લામાં લીંબાયતઝોન તરફથી સા.ઈ.ઝોન/લીંબાયત/આરટીઆઈ/૧૧૩૦ તા. ૧૧–૭–૧૧થી વિલંબીત રીતે સંપૂર્ણ સુરત જીલ્લા આરોગ્ય અધિકારી જીલ્લા પંચાયત કચેરી દરિયામહેલ સુરત ખાતે તબદીલ કરવામાં આવેલ છે. સદર અરજીની માહિતી અત્રેના સુરત મહાનગરપાલિકા સત્તા મંડળ હેઠળની ન હોય, અત્રેના સત્તા મંડળને અપીલ ચલાવવાની રહેતી નથી. આથી તેમની અરજી અત્રે તા. ૨૦–૯–૧૧ ના રોજ મળેલ પૂરક માહિતી બાદ આરટીઆઈ એકટની કલમ–૬(૩) હેઠળ અપીલ અધિકારી સુરત જિલ્લા પંચાયતને આરટીઆઈ સેલ/૮૧૭ તા.૨૩–૯–૧૧ થી તબદીલ કરવામાં આવેલ છે.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી અને તા. ૧–૭–૧૧ના રોજ ભરેલ અરજી ફી બાબતેની અરજી અત્રેના સત્તા મંડળ હેઠળ આવતી ન હોવાથી નજીકના લાગત સક્ષમ સત્તા મંડળના અધિકાર ક્ષેત્ર હેઠળ આવતાં સત્તા મંડળ ને સા.ઈ.ઝોન/મહેકમ/આરટીઆઈ /આ.નં./૧૧૩૦ તા. ૧૧–૭–૧૧થી તબદીલ કરવામાં આવેલ છે. જેથી આપની તા. ૨૦–૮–૧૧થી કરવામાં આવેલ અપીલ અત્રેના સત્તા મંડળ હેઠળની ન હોવાથી અત્રેથી અપીલ ચલાવવાના અધિકારક્ષેત્રમાં આવતી નથી તેથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી પંકજભાઈ પાટીલ